




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૩ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૯, બુધવાર; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કેન્દ્રીય કેબિનેટમાં એનપીઆરને મંજૂરી

**એનપીઆર એ એનઆરસીથી અલગ હશે : છ માસથી દેશના કોઇ પણ ભાગમાં રહેતો વ્યક્તિ નોંધણી કરાવી શકશે : એપ દ્વારા પણ નાગરિકોની માહિતી એકત્ર થશે : કોઇ કાગળિયા કે દસ્તાવેજો આપવા નહિ પડે : એપથી ઘેર બેઠા પણ માહિતી આપી શકાશે : કોઇ અંગૂઠાની છાપ-બાયોમેટ્રીક આપવાની જરૂર નથી : જાવડેકર**

ન્યુ દિલ્હી,તા.૨૪

નાગરિક સુધારા કાયદો-સીએએ અને એનઆરસીની સામે દેશમાં ચાલી રહેલા વિરોધ વંટોળની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે અત્રે મળેલી કેબિનેટ બેઠકમાં આગામી ૨૦૨૧ની નાગરિકોની વસ્તી ગણતરી માટેની કામગીરીને અને તેની સાથે રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર(એનપીઆર)ને અપડેટ કરવાની મંજૂરીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

દર ૧૦ વર્ષે યોજાતી દેશની વસ્તી ગણતરી મુજબ છેલ્લે ૨૦૧૧ની વસ્તી ગણતરી બાદ હવે ૨૦૨૧ની વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરાશે. ૯ મહિના સુધી ચાલનારી કામગીરી ૧, એપ્રિલ ૨૦૨૦થી શરૂ થશે, એમ કેન્દ્રના મંત્રી પ્રકાસ જાવડેકરે




કેબિનેટ બેઠક બાદ પત્રકાર પરિષદમા જાહેર કર્યું હતું. તેમણે કહ્યું કે આ કોઈ નવું નથી. દર ૧૦ વર્ષે યોજાતી વસ્તી ગણતરીનું કામ છે. અમારી સરકારે તેમાં કોઈ એવું ઉમેર્યું નથી કે કોઈ વધારાની માહિતી માંગી નથી કે જેતી તેનો વિરોધ કરી શકાય. તે એક રૂટીન સરકારી કામગીરી નાગરિકોના હિતમાં છે.

તેમણે ખુલાસો કર્યો કે વસ્તી ગણતરી માટે નાગરિકોના ઘરે આવેલા કર્મચારીને કોઈ નાગરિકે કોઈપણ પ્રકારના કાગળો કે દસ્તાવેજની નકલ આપવાની નથી. નાગરિક દ્વારા વસ્તી ગણતરી કર્મીને આપવામાં આવેલી માહિતી સાચી માની લેવામાં આવશે. આ વખતે ટેકનોલોજીના ઉપયોગ તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## એનપીઆર વસતી ગણતરીનું નવું સ્વરુપ છે

નેશનલ પોપ્યુલેશન રજિસ્ટ્રાર (એનપીઆર)ને લઈને કેટલીક દુવિધાઓ રહેલી છે. આને લઈને પણ હવે સ્પષ્ટતા કરવામાં આવી ચુકી છે. આ સંદર્ભમાં માહિતી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, દર ૧૦ વર્ષમં યોજાતી વસતી ગણતરીના એક નવા સ્વરુપ તરીકે આને ગણવામાં આવી શકે છે. પહેલી એપ્રિલ ૨૦૨૦થી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી નાગરિકોના ડેટાબેઝ તૈયાર કરીને દેશભરમાં ઘેર ઘેર જઈને વસતી ગણતરીની તૈયારી કરવામાં આવી છે. દેશના નાગરિકોની વ્યાપક ઓળખ માટે ડેટાબેઝ બનાવવામાં આવનાર છે. એનપીઆરના કેટલાક હેતુ રહેલા છે. આ ડેટામાં વસતી ગણતરીની સાથે સાથે બાયોમેટ્રીક માહિતી રહેશે. આમા વ્યક્તિનું નામ, સરનામા, શિક્ષણ, વેપાર જેવી માહિતી રહેશે. એનપીઆરમાં રહેલી માહિતીને લઈને લોકો પોતે જાણકારી આપશે. આમા નાગરિકતાના પ્રમાણ તરીકે કોઈ વાત રહેશે નહીં.

## એનપીઆર માટે ૩૯૪૧ કરોડ રૂપિયા મંજુર

નવીદિલ્હી, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે રાષ્ટ્રીય વસતી રજિસ્ટ્રાર (એનપીઆર)ને અપડેટ કરવાને મંજુરી આપી દીધી છે. આના હેઠળ દેશભરના નાગરિકોના ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટ્રાર (એનપીઆર)ને અપગ્રેડ કરવા અને ૨૦૨૧માં વસતી ગણતરીને લીલીઝંડી આપી દેવામાં આવી છે. કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, કોઈપણ પ્રકારના દસ્તાવેજો માંગવામાં આવી રહ્યા નથી. માહિતી જાતે જાહેર કરવામાં આવશે. સ્વ જાહેરાતમાં કોઈપણ પ્રકારના દસ્તાવેજો અથવા તો કોઈ બાયોમેટ્રીક

**વસતી ગણતરી માટે ૮૭૫૪ કરોડના ખર્ચને મળેલી મંજુરી : વસતી ગણતરીની પ્રક્રિયા ૧૦ વર્ષે હાથ ધરાય છે : અગાઉ કોંગીની સરકાર દરમિયાન પ્રક્રિયા હાથ ધરાઈ**

દસ્તાવેજોની જરૂર રહેશે. તેમણે કહ્યું હતું કે, કેબિનેટે ૨૦૨૧માં હાથ ધરવામાં આવનાર વસતી ગણતરી માટે ૮૭૫૪.૨૩ કરોડ રૂપિયાના ખર્ચને મંજુરી આપી છે. સાથે સાથે એનપીઆર માટે ૩૯૪૧.૩૫ કરોડ રૂપિયા મંજુર કર્યા છે.

## મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં એનઆરસી લાગુ નહી કરાય

ન્યુ દિલ્હી,તા.૨૪

એનઆરસી દેશભરમાં લાગુ કરવામાં આવશે તેવી જાહેરાત કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે કરી નાખી છે પરંતુ અનેક રાજ્યો તેને સ્વીકારવા તૈયાર નથી અને હવે તેમાં વધુ બે રાજ્યો નો ઉમેરો થયો છે જેમાં મહારાષ્ટ્ર આંધ્ર પ્રદેશ નો સમાવેશ થાય છે.

# ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નવી પોસ્ટને મંજુરી

નવીદિલ્હી, તા. ૨૪

સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ)ની નવી પોસ્ટ ઉભી કરવાની લીલીઝંડી આપી દીધી છે. કારગિલ યુદ્ધ દરમિયાન આ પોસ્ટને લઈને જોરદાર માંગ ઉઠી હતી. આ વર્ષે ૧૫મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની પોસ્ટ ઉભી કરવાની જાહેરાત કરી હતી.

**ત્રણેય સેનાઓ વચ્ચે અસરકારક તાલમેલ બેસાડશે : ૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન સૂચન કરવામાં આવ્યા બાદ લાંબાગાળા પછી લેવાયેલો નિર્ણય : સરકારના સિંગલ પોઇન્ટ એડવાઈઝર તરીકે રહેશે**

વર્ષ ૧૯૯૯માં કારગિલ યુદ્ધ બાદ કારગિલ રિવ્યુ કમિટિ દ્વારા આ અંગેનું સૂચન કર્યું હતું જે સંરક્ષણ સાથે જોડાયેલા મામલા પર સરકારના સિંગલ પોઈન્ટ એડવાઈઝર તરીકે રહેશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂંકનો હેતુ ભારતની સામે આવનારા સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે ત્રણેય સેનાઓની વચ્ચે તાલમેલ બેસાડવા માટેનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટના દિવસે ઐતિહાસિક સૈન્ય સુધારાની જાહેરાત કરતા કહ્યું હતું કે, ભારતની ત્રણેય સેનાઓ માટે એક પ્રમુખ રહેશે જેને સીડીએસ કહેવામાં આવશે. વડાપ્રધાને જાહેરાત કર્યા બાદથી જ સીડીએસની નિણમૂંકના તોર તરીકે અને તેની જવાબદારીને અંતિમ ઓપ આપવા માટે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. પ્રોટોકોલના મામલામાં પણ સીડીએસ સૌથી ઉપર રહેશે. સીડીએસ મુખ્યરીતે સંરક્ષણ અને વ્યૂહાત્મક મામલામાં વડાપ્રધાન અને સંરક્ષણમંત્રીના એકીકૃત લશ્કરી સલાહકાર તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## ઝારખંડમાં સૌપ્રથમ વખત ૧૦ મહિલા ધારાસભ્ય ચૂંટાઈ

રાંચી,તા.૨૪

ઝારખંડ અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અત્યાર સુધીમાં વિધાનસભામાં ૧૦ મહિલા ધારરાસભ્યો ચૂંટાઈ આવી હોવાનો પ્રથમ કિસ્સો નોંધાયો છે. તાજેતરમાં જાહેર થયેલા ઝારખંડ વિધાનસભાના પરિણામ પર નજર કરતા ઝારખંડ વિધાનસભામાં સૌપ્રથમ વાર બે આંકડામાં મહિલા ધારાસભ્યોની હાજરી જોવા મળશે.

# રાહુલ ગાંધી અને પ્રિયંકાને મેરઠ જતાં અટકાવાયા

**દેશના જુદા જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શનનો દોર : સીએએ અને એનઆરસીની સામે દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શન યથાવત : કલમ ૧૪૪ લાગૂ છતાંય દેખાવો**




નવીદિલ્હી, તા. ૨૪

નાગરિક સુધારા કાનૂન સામે દેખાવોનો દોર જારી રહ્યો છે. આજે પણ દિલ્હીમાં જામિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દેખાવ કરવા માટે મંડી હાઉસ પહોંચ્યા હતા. મંડી હાઉસ વિસ્તારમાં કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. બીજી બાજુ ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના કેટલાક રાજ્યોમાં ઈન્ટરનેટ સેવાઓને કેટલાક સમય સુધી બંધ રાખવામાં આવી છે. દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને મેરઠ જવાથી રોકી દેવામાં આવ્યા હતા જેથી તેમને અધવચ્ચેથી દિલ્હી પરત ફરવાની ફરજ પડી હતી. સીએએ અને એનઆરસીની સામે વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસાનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ચુક્યો છે. વિરોધ પ્રદર્શનમાં જામિયા મિલિયા ઉપરાંત જેએનયુ, દિલ્હી યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ સામેલ રહ્યા છે. વિરોધ પ્રદર્શનમાં સ્વરાજ ઈન્ડિયાના નેતા યોગેન્દ્ર યાદવ પણ પહોંચ્યા હતા. ભાજપે આને હિન્દુ મુસ્લિમનો મુદ્દો બનાવવાનો આક્ષેપ મમતા બેનર્જીએ આજે કર્યો હતો. કોલકાતામાં તૃણમુલ દ્વારા રેલી યોજવામાં આવી હતી. બીજી બાજુ મેરઠમાં સીએએના વિરોધ પ્રદર્શન દરમિયાન માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને મળવા જઈ રહેલા રાહુલ ગાંધી અને પ્રિયંકાને પોલીસે અટકાવી દીધા હતા. બંને નેતા એક જ કારમાં બેઠા હતા.




નો-એનઆરસી, નો-સીએએ : દિલ્હીની જામીયા યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા સોમવારે નાગરિકતા સુધારા કાનુન અને એનઆરસીના વિરોધમાં જંગી રેલી યોજાઈ હતી. રેલીની વિશેષતા એ હતી કે, વિદ્યાર્થીઓએ વીર ભગતસિંહ સહિત દેશ માટે બલિદાન આપનાર શહીદોના કટઆઉટ અને દેશભક્તિના સ્લોગન સાથે મંડીહાઉસથી જંતરમંતર સુધીની યોજાયેલી રેલીને પોલીસે જંતરમંતરથી થોડે દૂર અટકાવી હતી... શાંતિકૂચના અંતે જાણીતા કર્મશીલોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા....

## આજે વાજપેયીની જન્મજયંતિને ભાજપ સુશાસન દિવસ તરીકે ઉજવશે



ન્યુ દિલ્હી,તા.૨૪

ભાજપ મંગળવાર ૨૪ ડિસેમ્બરના રોજ પાર્ટીના સંસ્થાપક અને દેશના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને યાદ કરશે. મંગળવારના રોજ અટલ બિહારી વાજપેયીની જયંતિ છે. આ જયંતિને લઈને ભાજપે પોતાના કાર્યાલયમાં વિવિધ કાર્યક્રમો આયોજીત કર્યા છે.

ભાજપના મહાસચિવ અરુણ સિંહે કહ્યું કે ભાજપ આ દિવસને સુશાસન દિવસ તરીકે ઉજવશે. આ દિવસે કાવ્યાંજલિનું આયોજન કરવામાં આવશે. દેશભરમાં ભાજપે આ પ્રકારે આયોજન કરવાનું નક્કી કર્યું છે.

# હેમંત સોરેન ૨૭મીએ ઝારખંડના મુખ્યમંત્રી પદે શપથ ગ્રહણ કરશે

**કોંગ્રેસને સ્પીકર અને પાંચ મંત્રી પદ મળી શકે : આરજેડીને પણ લોટરી લાગશે**

રાંચી,તા.૨૪

ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ ગઠબંધનને પ્રચંડ બહુમત મળી છે. ગઠબંધનને ૮૧માંથી ૪૭ સીટો મળી છે. આ જીત બાદ હવે ગઠબંધનના નેતા ટૂંક સમયમાં જ સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

સુત્રોના જણાવ્યા અનુસાર, ૨૭ ડિસેમ્બરે હેમંત સોરેન મુખ્યમંત્રી પદના શપથ લેશે. આ દરમિયાન ત્નસ્સ્ના ૬, કોંગ્રેસના ૫ અને ઈત્નહ્વના એક મંત્રી શપથ લેશે. એટલે કે હેમંત સોરેનની સાથે ૧૨ મંત્રીઓ શપથ લેશે. આ ઉપરાંત, કોંગ્રેસના ખાતામાં સ્પીકર પદ જઈ શકે છે. સુત્રોના જણાવ્યા અનુસાર, હેમંત સોરેનનો શપથ ગ્રહણ સમારોહ મોરબડી ગ્રાઉન્ડમાં આયોજિત કરવામાં આવી શકે છે.

આ ચૂંટણીમાં બીજેપીએ કારમી હારનો સામનો કરવો પડ્યો છે. અગાઉની વિધાનસભા ચૂંટણીમાં જ્યાં બીજેપીએ ૩૭ સીટો જીતી હતી, ત્યાં આ વખતે તેને માત્ર

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**ધુમ્મસના કારણે વાહન વ્યવહારને માઠી અસર : નવા વર્ષની શરૂઆત પહેલા નવી દિલ્હીમાં લોકો પ્રદુષિત હવાના કારણે પરેશાન**

નવી દિલ્હી,તા. ૨૪

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. ધુમ્મસની ચાદર પણ ફેલાઈ ગઈ છે. જેના કારણે સવારમાં વાહન વ્યવહારને માઠી અસર થઈ રહી છે. અકસ્માતનો ખતરો વધી ગયો છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પ્રદુષણનુ સ્તર સતત વધી રહ્યુ છે. પ્રદુષણના સ્તરમાં વધારો થતા લોકોને થોડાક દિવસ ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. સ્માગની ચાદર દિલ્હીમાં બે દિવસથી જામેલી છે. શ્વાસના રોગી અને ફેફસાની તકલીફ ધરાવતા લોકોને તકલીફ વધી શકે છે.

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. કાતિલ ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. જનજીવનને પણ અસર થઈ રહી છે. વાહન વ્યવહાર અને ટ્રેન સેવાને અસર થઈ રહી છે. ધુમ્મસની ચાદર જોવા મળી રહી છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં ચેલ્લાઈ કાલાના નામથી જાણીતા ઠંડીના સૌથી ખતરનાક ગાળાની શરૂઆત થઈ ગઈ છે. દિલ્હીમાં પણ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. જમ્મુ કાશ્મીરમાં ચિલ્લાઈ કલાનો ગાળો થરૂ થયા બાદ હવે આ ગાળો ૩૧મી જાન્યઆરી સુધી જારી રહેશે. કાશ્મીરમાં તો આ ગાળો આના કરતા પણ વધારે સમય સુધી રહી શકે છે.


જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

